હે રંગ રસીયા, તારો રાહડો જોવાને ગામને છેવાડે બેઠા... ઓલી ગોકુળની ગોપીઓએ તારે હાટુ કામ બધા મેલ્યા હેઠા...

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૬ | ૧૬ ઓક્ટોબર, ૨૦૧૫, શુક્રવાર ; આસો સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- ત્રણ દિવસની મંદી ઉપર અંતે બ્રેક મુકાઈ : ૨૩૦ પોઇન્ટનો સુધારો
- બિહારમાં મતદાન શાંતિપૂર્ણ રહે તે માટે તમામ પગલાઓ
- ડાન્સ બાર ઉપર પ્રતિબંધને આખરે સુપ્રીમ કોર્ટે ઉઠાવ્યો
- ભારતીય સ્પીડ સ્ટાર ઝહીરે નિવૃત્તિની અંતે ઘોષણા કરી
- હવે મનરેગા અને પેન્શનમાં આધારના ઉપયોગને મંજુરી
- માઓવાદીઓ દ્વારા બાનમાં લેવાયેલા ટીડીપીના ત્રણ લીડરો આખરે મુક્ત
- બ્લેક મની ટ્રાન્સફર : ઓબીસી પણ સામેલ હોવાનો ખુલાસો
- વીરભદ્રસિંહ અંગે હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમમાં અરજી
- ઉત્તર પ્રદેશમાં આતંકવાદી હુમલા થઇ શકે છે : રિપોર્ટ
- ટુજી કેસ મામલે અયોગ્ય ચાર્જશીટ બદલ સીબીઆઈની ટિકા

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ડિસેમ્બરમાં

## સ્થાનિક ચૂંટણી ડિસેમ્બરમાં યોજવાની ચૂંટણી પંચીની ખાતરી : ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કર્યા બાદ ખાતરી આપવામાં આવી : ચૂંટણી પ્રક્રિયા ૨૫ ડિસેમ્બર સુધી પૂરી કરવાની ગુજરાત હાઈકોર્ટમાં ખાતરી આપવામાં આવી : બે ચરણમાં ચૂંટણી થશે : જાહેરનામુ બીજી ડિસેમ્બરે જારી

અમદાવાદ, તા.૧૫ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પાછી ઠેલાવવાના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે જોરદારરીતે ઝાટકણી કાઢ્યાના એક દિવસ બાદ જ આજે રાજ્યના સ્થાનિક સંસ્થાની ચૂંટણી યોજવા માટે જવાબદાર રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત હાઈકોર્ટમાં ખાતરી આપી હતી કે, ૨૫મી ડિસેમ્બર સુધી સ્થાનિક સંસ્થાની ચૂંટણીની પ્રક્રિયાને પૂર્ણ કરી લેવામાં આવશે. ચૂંટણી બે તબક્કામાં યોજવામાં આવશે. આ ચૂંટણી માટે જાહેરનામુ બીજી ડિસેમ્બરના દિવસે યોજવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોથી ઓક્ટોબરના દિવસે રાજ્ય ચૂંટણી પંચે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સારી નથી તેવું કારણ આપીને ચૂંટણી મોકૂફ કરી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટે ગઈકાલે રાજ્ય ચૂંટણી પંચની જોરદાર ઝાટકણી કાઢી હતી. કાર્યકારી ચીફ જસ્ટિસ જયંત પટેલ અને જસ્ટિસ એનબી અંજારિયાની બનેલી બેંચે જોરદાર ઝાટકણી કાઢી હતી. બેંચની સંતુષ્ટી માટે પંચાયત ચૂંટણી પાછી ઠેલાવવાના તેના નિર્ણયની મૂળભૂત ફાઈલો રજૂ કરવા રાજ્ય ચૂંટણી પંચને સુચના પણ આપવામાં આવી હતી. ત્રણ મહિના સુધી ચૂંટણી મોકૂફ રાખવા સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા વટહુકમની બંધારણીય કાયેદસરતા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે માહોલ યોગ્ય નથી તેવી રજૂઆત અને કારણો આપવામાં આવ્યા હતા.

હાઈકોર્ટે ઠપકો આપ્યા પછી ચૂંટણી પંચે ખાતરી આપતા સ્થાનિક ચૂંટણીને રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો હતો. બીજી ડિસેમ્બરથી ૨૫મી ડિસેમ્બર સુધી ચૂંટણી પ્રક્રિયાને આટોપી લેવામાં આવશે. તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી ડિસેમ્બરમાં યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર

# બિહારમાં ૩૨ બેઠકો માટે આજે મતદાન

પટણા,તા. ૧૫ બિહારમાં અભૂતપૂર્વ સુરક્ષા અને ભારે ઉત્સાહ વચ્ચે આવતીકાલે બીજા તબક્કામાં મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. પાંચ તબક્કામાં યોજનાર વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કામાં આવતીકાલે મતદાન યોજનાર છે. બીજા તબક્કામાં ૪૫૬ ઉમેદવારોના ભાગ્યનો ફેંસલો થનાર છે.બીજા તબક્કામાં છ જિલ્લાને આવરી લેતી ૩૨ બેઠકો પર મતદાન યોજનાર છે. બીજા તબક્કામાં છ નક્સલવાદી ગ્રસ્ત જિલ્લાઓનો સમાવેશ થાય છે. સુરક્ષા પાસાના પરિણામ સ્વરુપે મતદાનનો સમય બે કલાક સુધી ઘટાડવામાં આવ્યો છે. એડિશનલ ચીફ ઈલેક્ટોરલ ઓફિસર આર લક્ષ્મણનનું કહેવું છે કે, મતદાન સવારે સાત વાગે શરૂ થશે. ૧૧ બેઠકોમાં ત્રણ વાગે મતદાન પૂર્ણ થશે. અન્ય ૧૨માં ચાર વાગે પૂર્ણ થશે. બાકી ૯ બેઠકો ઉપર મતદાન સવારે સાત વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન યોજાશે. ૩૨ મહિલા ઉમેદવાર સહિત ૪૫૬ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા ૮૬૧૩૮૭૦ મતદારો તૈયાર છે. ૯૧૧૯ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. બુધવારના દિવસે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. ત્યારબાદ ઉમેદવારો ઘરે ઘરે જઈને પ્રચાર

**બીજા તબક્કામાં ૮૬૧૩૮૭૦ મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા માટે સંપૂર્ણ સુસજ્જ : ૯૧૧૯ મતદાન મથકો સ્થાપિત**

● અનુસંધાન પાન-૭ પર








ભારતની સૌથી વધુ વેચાતી અત્યાધુનિક ઘરઘંટી નં. 1

100% એલ્યુમિનિયમ ફ્રી ગ્રાઈન્ડીંગ ચેમ્બર લાઈફટાઈમ ગેરેન્ટી સાથે

આજે જ લઈ આવો અને ઘરે બેઠા મેળવો શુદ્ધ અને તાજો લોટ



| વિગત | મીલ્સેંટ | નટરાજ | માઈક્રોફાઈન |
|---|---|---|---|
| હાઈટિક પાવર સેવર મોટર (સિલિકોન સ્ટેમ્પીંગ અને SKF બેરીંગ્સ) | ✓ | X | X |
| 100% એલ્યુમીનીયમ ફ્રી ગ્રાઈન્ડીંગ ચેમ્બર | ✓ | X | X |
| ઑટો ગ્લો | ✓ | ✓ | X |
| શોકપ્રુફ વાયરીંગ વીથ ટુ પોલ મેઈન સ્વીચ | ✓ | X | X |
| સ્ટેઈનલેસ સ્ટીલની જાળીઓ | ✓ | ✓ | X |
| સ્ટેઈનલેસ સ્ટીલનું પ્લેટફોર્મ | ✓ | X | X |
| પ્લાયવુડનું મજબુત બોડી (ભૂસા બોર્ડ નહીં) | ✓ | X | X |
| ઘરઘંટીની વૉરંટી (વર્ષ) | 3 | 2 | 1 |
| વૉરંટી દરમ્યાન ફ્રી સર્વિસ | 4 | 2 | 2 |
| મોટરની ગેરંટી | 5 | 2 | |

ફક્ત મીલ્સેંટમાં જ મળશે...

સિલિકોન સ્ટેમ્પિંગ અને કોપર વાઈન્ડિંગવાળી પાવર સેવર હાઈટેક ઈલેક્ટ્રિક મોટર 5 વર્ષની ગેરંટી સાથે



મીલ્સેંટ

સરળ હપ્તે વગર વ્યાજે ઉપલબ્ધ

BAJAJ FINSERV | LENDING

ફાયનાન્સ મર્યાદીત શહેર/ડિલર્સમાં ઉપલબ્ધ

*શરતો લાગુ.

મીલ્સેંટ મીક્સર ગ્રાઈન્ડર રૂા. 3490/- mrp નું ફ્રી



60 વર્ષોનો વિશ્વાસ

ONE/milcent/10-15

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર | : ચંદન ઈલેક્ટ્રોનિક્સ | : 23225121 | કલોલ | : શ્રી ઈલેક્ટ્રોનિક્સ | : 224420 | સાણંદ | : ઝીરો ઈલેક્ટ્રોનિક્સ | : 223330 | માણસા | : માઁ ઈલેક્ટ્રનિક્સ વર્લ્ડ | : 9998514188 |
| ગાંધીનગર | : ડ્રીમ ઈલેક્ટ્રોનિક્સ | : 23248059 | દહેગામ | : ઉમિયા ઈલેક્ટ્રોનિક્સ | : 230958 | સાણંદ | : શ્રી શિવશક્તિ ઈલેક્ટ્રોનિક્સ | : 9974290065 | માણસા | : ગોપી ઈલેક્ટ્રોનિક્સ | : 270774 |
| ગાંધીનગર | : સેફ ઝોન | : 7698111182 | દહેગામ | : દેવાંગ ઈલેક્ટ્રોનિક્સ | : 9173240703 | કુડાસણ | : શીવ હોમ એપ્લાયન્સીસ | : 8980933111 | વિરમગામ | : મારૂતી ઈલેક્ટ્રોનિક્સ | : 234593 |
| ગાંધીનગર | : ઉમીયા ઈલેક્ટ્રોનિક્સ | : 23241511 | દહેગામ | : અપ્પુ ઈલેક્ટ્રોનિક્સ | : 9925327474 | કુડાસણ | : માનસી ઈલેક્ટ્રોનિક્સ | : 9824604295 | રખીયાલ | : અર્બુદા ઈલેક્ટ્રોનિક્સ | : 9429023840 |
| વાવોલ | : પ્રાઈમ સેલ્સ | : 9824790064 | ગોજારીયા | : કુમકુમ ઈલેક્ટ્રોનિક્સ | : 9979864421 | ચિલોડા | : સતગુરૂ ઈલેક્ટ્રોનિક્સ | : 9426273954 | બહીયલ | : ખ્વાજા ઈલેક્ટ્રોનિક્સ | : 9909293786 |

હે.ઓ : મીલ્સેંટ, 20, જી.આઈ.ડી.સી. વિઠ્ઠલ ઉદ્યોગનગર, આણંદ. ફોન : 02692-235223, 235323 Email : info@milcentappliances.com Website : www.milcentappliances.com